**વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ખુનના ગુન્હામાં પકડાયેલ આરોપીએ તેની પત્નિની સારવાર કરાવવા લાજપોર જેલમાંથી બહાર આવવા કોર્ટમાંથી વચગાળાના જામીન લઈ બહાર આવી, જેલમાં પરત નહી ફરી છેલ્લા બે મહીનાથી નાસતા ફરતા કેદીને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી.**

સુરત શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના અધિકારી/પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન PC અશોકભાઈ લાભુભાઈ નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે વરાછા પોલીસ સ્ટેશનના । ગુ.ર.નં.૧૯૬/૨૦૧૩ ઇ.પી.કો. કલમ ૩૦૨,૧૮૮ મુજબના ગુન્હામાં પકડાયેલ આરોપી કલ્પેશ મણીલાલ ડાંગોદરા રહે. જગદીશનગર, એલ.એચ.રોડ, વરાછાવાળો હાલ કાચા કામના કેદી તરીકે લાજપોર જેલમાં હોય અને તેણે તેની પત્નિની સારવાર કરાવવા માટે અમદાવાદ હાઈકોર્ટમાંથી વચગાળાના જામીન લઈ બહાર આવેલ અને તેને તા.૨૩/૦૫/૨૦૧૯ ના રોજ લાજપોર જેલ ખાતે પરત થવાનું હતુ પરંતુ તે પરત થયેલ નથી અને નાસતો ફરે છે. અને તે હાલ પુણા સીતાનગર ચાર રસ્તા પાસે ઉભો હોવાની બાતમી મળતા તુરત જ બાતમી વાળી જગ્યાએ જઈ વોચ ગોઠવતા ઉપરોકત નામ વાળો આરોપી મળી આવતા તેને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.